# (જીવન કૌશલ્ય આધારિત મેળો)
# (ધોરણ– ૬થી૮)

# વર્ષ : ૨૦૧૯-૨૦

# સંકલ્પના

- ભાર વિનાનું ભણતર, લઘુતમ અદ્યતન કક્ષા, પ્રજ્ઞા તથા ઈકો કલબ જેવા વિવિધ નાવિન્યપૂર્ણ અભિગમ પૈકી ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગની પ્રેરણા તળે કાર્યરત ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ ગાંધીનગર માર્ગદર્શિત તમામ પ્રાથમિક શાળાઓમાં વર્ષ <u>૨૦૦૩ થી બાળમેળા</u> અને <u>૨૦૧૨ થી ધો.૬ થી ૮માં જીવન કૌશલ આધારીત  બાળમેળાનું</u> આયોજન કરવામાં આવે છે
- **જીવન કૌશલ આધારીત બાળમેળો એટલે બાળકોની સર્જનાત્મક શકિતનું ખુલ્લું અને મુકત  પ્રદર્શન જેનો મૂખ્ય  ઉ®ેશ  છે:**
- સર્જનાત્મક શકિતનું નિમાર્ણ
- બાળકોને ગમતા અધ્યયન અનુભવો પોષક અને બળવત્તર બનાવવા

# હેતુઓ:

- બાળકો વિવિધ આનંદદાયી પવૃતિઓ કરી મનોરંજન સાથે જ્ઞાન મેળવે.
- બાળકોમાં સહકાર, નેતૃત્વ, લોકશાહીની ભાવના,સાહસિકતા, રાષ્ટીય એકતા, નીડરતા, પમાણિકતા વગેરે જેવા ગુણોનો વિકાસ થાય.
- બાળકોમાં જીવનવ્યવહારમાં ઉપયોગી વિવિધ કૌશલ્યો કેળવાય.
- બાળકોની નિબંધ લેખન ક્ષમતા અને વકતૃત્વ અભિવ્યકિત વિકસે.
- બાળકો વ્યસનથી થતા નુકશાન વિશે જાગૃત થાય.
- બાળકો સાંસ્કૃતિક વારસો અને પર્યાવરણની જાળવણી કરતા શીખે.
- વ્યવહારિક જ્ઞાન ચિરસ્થાયી બને અને સમસ્યાત્મક પરિસ્થિતિમાં ઉકલ મેળવે.
- બાળકોમા સમૂહભાવના અને હકારાત્મકતા વિકસે. બાળકોની અવલોકન શકિત અને વિવેકબુદ્ધિનો વિકાસ થાય.
- બાળકો ભારતના ભાવિ નાગરિકો તંદુરસ્ત સમાજના નિર્માણની ભાવના

# હેતુઓ:

- વ્યવસ્થા, સમયપાલન, શિસ્ત, સ્વચ્છતા, વિવિધતા અને ચોકસાઈ જેવા ગુણોનો વિકાસ થાય.
- બાળકો શારીરિક સ્વાસ્થ્ય અને સ્વચ્છતા પ્રત્યે સભાન થાય.
- બાળકોની ક્રિયાશીલતા અને  સર્જનાત્મકતા વ્યકત થાય.
- બાળકો આનંદ અને આત્મસંતોષ પ્રાપ્ત કરે.
- બાળકોની જીજ્ઞાસાવૃતિ જાગૃત થાય.
- બાળકોમા આત્મસૂઝ અને આત્મવિશ્વાસ કેળવાય.
- બાળકોની વિચારશકિત  અને નિર્ણય શકિત વિકસે.
- બાળકોને મુકત અભિવ્યકિતની તક સાંપડે.
- બાળકોને 4H-hand, head, heart, અને Helth ની કેળવણી મળી રહે.

# આયોજન અને વ્યવસ્થા:

- નવા અભિગમની સમજૂતી મેળવવી.
- સ્થાનિક પર્યાવરણ અને જરૂરિયાતને અનુરૂપ જીવન કૌશલ્યની યાદી
- 'જીવન કૌશલ્ય'ની યાદીને અનુરૂપ–જુદીજદી પ્રવૃત્તિના વિભાગો
- શાળાની ભૌતિકરચના મુજબ મેદાન અને વર્ગખંડો જીવન કૌશલ્ય આધારિત પ્રવૃત્તિઓ માટેના ખંડની ફાળવણી કરવી
- શાળાના શિક્ષકોને તેમના રસ/રુચિ મુજબના વિભાગ/ખંડમાં સંચાલન અને માર્ગદર્શન માટે કાર્ય સોંપણી કરવી
- જે તે વિભાગની પ્રવૃત્તિ માટે શિક્ષકોએ ઉત્સાહી બાળકોની મદદ લેવી
- કોઈપણ પ્રકારના જોખમથી દુર રહેવુ દા.ત. કપડાને ઈસ્ત્રીની પ્રવૃત્તિ માટે સ્વીચબોર્ડમાં પ્લગ ન ભરાવવુ.ગેસનો બાટલો ખાલી જ પસંદ કરવો,લાઈટનો ફયુઝ ફકત બાંધતા જ શીખવવુ....વગેરે

# વિભાગ–૧: સર્જનાત્મક પ્રવૃત્તિઓ

- પણપોથી બનાવવી, વાસની બનાવટો, વેસ્ટમાથી બેસ્ટ કરવુ
- કાગળમાથી વિવિધ નમૂનાઓ બનાવવા
- કાપડ/કાથીના નકામા ટકડામાથી પગલૂછણીયા બનાવવા
- વનસ્પતિના બી માથી વિવિધ આકૃતિઓ/રચનાઓનમૂના બનાવવા
- મોરના પીછામાથી વિવિધ નમૂના બનાવવા, રગોળી પરવી
- નકામી નિમત્રણ પત્રિકાઓ, કકોત્રીઓ, ગ્રીટીગ્સ કાડસ વગેરેમાથી વિવિધ ડિઝાઈનો બનાવવી, લાકડાના વ્હેરમાથી રગોળી બનાવવી.
- વિવિધ ભાષાઓના ચાર કે પાચ વાકયો શબ્દો આપી વાકયો,વાર્તા અને કવિતા લખવા માટની પવૃત્તિઓ,  મહેદીની ડિઝાઈન મૂકતા શીખે.
- ફૂલો તથા વિવિધ ડાળીઓમાથી તોરણ અને બુકે તૈયાર કરવાની પવૃતિઓ
- માટીમાથી ધોરણ ૬થી૮ ને લગતા રમકડા બનાવવા
- ગણિત માટના ભૌમિતિક આકારો તૈયાર કરાવી તેમાથી જુદા જુદા ચિત્રો બનાવવા

# વિભાગ–૨:  ચાલો શીખીએ

- વીજળીના ફયુઝ બાંધવા, ગેસના સિલિન્ડર જોડવા
- કાગળના પડીકા બાંધવા, ગાજ–બટન ટાંકવા, બૂટ–પાલીસ કરવી
- સાયકલની મરામત કરવી, બેંકના કામકાજની સમજ આપવી
- કપડાંનુ ઈસ્ત્રી કરવી, મોબાઈલ–ઈન્ટરનેટનો ઉપયોગ કરતાં શીખવવું
- લેખન–કલા, ફોટોગ્રાફી, ફાઈલિંગ, સ્ટેપલરપીન કરતાં શીખવવું
- ચોપડીને પૂંઠા ચડાવવા, ઉપકરણોનું સંચાલન કરવું
- ખીલી–સ્ક્રૂ લગાવવા, બલ્બ, ટયૂબ લગાવવા, બાગાયત કામ
- શાક સમારવું,પ્રેશર કૂકર અને મીક્ષરનો ઉપયોગ કરતા શીખવવું
- ખાટલો ભરવો, પ્રાથમિક ઉપચાર, હિસાબ લેખન

# વિભાગ–૩:સ્વજાગૃતિ, સ્વચ્છતા અને સુશોભન

- સુશોભિત માટલી બનાવવી
- વ્યસન મુકિત અભિયાન અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ
- તોરણ અને વોલપીસ બનાવવા
- શરીરના અવયવોની સફાઇ
- વર્ગોની સફાઇ
- શાળાના મેદાનની સફાઇ

# વિભાગ–૪:હળવાશની પળો

- રમૂજી ટૂચકા અને કાર્ટૂન બનાવવા, જોકર બનાવવા, પુસ્તક વાચન
- બાળવાર્તા, હાસ્ય ક્લિપ્સ, નાટક, બાળગીતો, ફિલ્મ વગેરેનુ કમ્પ્યુટર કે ટેલિવિઝન પર ફિલ્મનું નિદર્શન કરાવવું, ડાન્સ કરવો
- બાળકો દ્વારા હાસ્ય નાટકો ભજવવા શિક્ષકો દ્વારા બાળવાર્તા સંભળાવવી
- મોહરા બનાવી પપેટ શો કરવો, હાસ્ય દરબાર ભરવો
- કાર્ટૂન બનાવવા, બાળકો દ્વારા જોકસની રજૂઆત કરવી
- મૂક અભિનય કરવો, બાળગીતો અને કાવ્યગાન
- હાસ્ય સંવાદ રજૂ કરવા
- અભિનય ગીતોવેશભૂષા

# વિભાગ–૫:પર્યાવરણને જાણો–માણો અને જાળવો

- ઔષધ બાગનું નિર્માણ, પણપોથી/ઔષધીયપોથી બનાવવી
- શાળા કક્ષાએ કીચન ગાડનની પવૃતિ, વૃક્ષ પરિચય પસ્તિકા
- બુલેટીન બોડ પર પર્યાવરણના વિવિધ પોજેકટ નિદર્શન કાર્ય
- શાળાના તમામ છોડ–વૃક્ષોનું નામ ઉપયોગીતા
- નર્સરી/બગીચાની ખાસ મુલાકાત, જમીન સ્વસ્થ પોજેકટ કાય★
- ચકલીના માળા, પાણીના કૂડા, ચબૂતરો શાળા તથા ઘરે મૂકવા
- વેલ, ફળના ઝાડ શાળામા વાવી તેની ઉપયોગીતા વધારવી
- પાર્થનામા ફૂલ/ છોડ/ પણ/ ઝાડ કોઈ એક વિશ વિશિષ્ટ વાત કરવી
- ફૂલ છોડના નાના–નાના કૂડાઓ મુકવા
- ફલ/પણનો શાળા સશોભનમા ઉપયોગ

# વિભાગ–૯: વાંચન, લેખન, અવલોકન

- પુસ્તક પદર્શન, વિજ્ઞાનના અંધશ્રધ્ધા દુર કરતા નાના પયોગોનું અવલોકન
- પુસ્તક વાંચન
- મહાપુરૂષના પેરક પસંગોનું વાંચન
- સમાચાર પત્રમાં આવેલ કોઈ સારા લેખનું વાંચન
- નિબંધલેખન
- સૂત્રોલેખન
- ફિલ્મદર્શન
- આટગેલેરી
- નેતાઓના જીવન આધારીત ફોટોગ્રાફનો સંગ્રહ

# વિભાગ–૭: સામાન્ય જ્ઞાન અને સમસ્યા ઉકેલ

સ્પર્ધાત્મક કસાટોના યુગમા બાળકને પાઠયક્રમની સાથે અભ્યાસક્રમમા આવરી લેવાયેલ જ્ઞાન પુરૂ પાડવા માટ અનેજીવન વ્યવહારમા આવતી નાની મોટી સમસ્યાઓનો ઉકલ હકારાત્મક વલણ દર્શાવીને કઈ રીતે કરવો તેવી કેટલીક પવૃત્તિઓ..

- ચિત્રાનુ પદર્શન, ગણિત–વિજ્ઞાન અને સામાન્ય જ્ઞાનની પશ્નોતરી
- કવીઝ સ્પર્ધા, હેલ્પલાઈનના નબરોની યાદી અને ઉપયોગ
- શીઘવકતૃત્વ સ્પર્ધા, ૧૦૮ની સેવાની માહિતી અને નિદર્શન.
- પઝલ્સ, સામાન્યજ્ઞાનના પુસ્તકોનુ પદર્શન અને તેના ઉપયોગની સમજ
- અગ્નિશામક યત્રનો ઉપયોગ અને નિદર્શન
- અધશ્રધ્ધા નિવારણના કાર્યક્રમો, ફસ્ટએઈડ બોકસનુ નિદર્શન.

# વિભાગ–૮: સમુહજીવન અને બાલ પ્રદર્શન

**"બાલ પ્રદર્શન એટલે બાળકોને લગતી વસ્તુઓનુ પ્રદર્શન કરીએ એમ નહિ,પણ બાળકો પોતાની શોધેલી અને એકઠી કરેલી વસ્તુઓનાં પ્રદર્શન પોતે જાતે ગોઠવે"**

- શાળામા મેદાનની સ્વચ્છતા શાળાના વૃક્ષોની જાળવણી
- વર્ગ સુશોભનકાર્ય, બાળકોએ વખતો વખત દારેલ ચિત્રાનું પ્રદર્શન
- ટી.એલ.એમ.પ્રદર્શન, સંગીત અને રસોઈના સાધનોનું પ્રદર્શન
- સાસ્કૃતિક કાર્યક્રમ, જુદી જુદી જાતના પાંદડા, વાહનના ચિત્રાનું પ્રદર્શન
- શૈક્ષણિક સાધનો,પુસ્તકો, આભૂષણો,શંખ અને છીપલા,ભરત ગૂંથણવિગેરે પ્રદર્શન, શાકભાજી,ફળફુલ,પીંછા નું પ્રદર્શન
- કારીગરોના ઓજાર પ્રદર્શન